નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર ખાતે આઇ.ટી.સેલ માટે ૦૩ જગ્યા ઉપર આઉટસોર્સીંગથી સેવા વધુ ૧૧ માસ માટે મેળવવા મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0074/J Section,
સચિવાલય, ગાંધીનગર.

વંચાણમાં લીધા-

(૧) વિભાગનો તા.૨૦/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૬૪૪૪૮/૪.
(૨) વિભાગનો તા.૨૯/૦૩/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0074/J Section.
(૩) વિભાગનો તા.૦૫/૦૯/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0074/J Section.
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૯/૦૬/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૨૦૨૫/ક.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૦/૦૪/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ખાતે આઇ.ટી.સેલ માટે ૦૩ જગ્યા ઉપર આઉટસોર્સીંગથી સેવા લેવા માટે જરૂરી શરતોને આધિન વર્ષ ૨૦૨૨-૨૩માં નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના ઠરાવથી GILએ બહાર પાડેલ ટેન્ડર મુજબ આ ૦૩ જગ્યાઓના માસિક ફિક્સ પગારના દરમાં વધારો કરવા મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક–(૩) પરના વિભાગના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ખાતે આઇ.ટી.સેલ માટે ૦૩ જગ્યા ઉપર આઉટસોર્સીંગથી સેવા લેવા માટે તા.૦૫/૦૯/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક –(૪) પરના નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તા.૦૯/૦૬/૨૦૨૫ના પત્રથી આ ૦૩ જગ્યાઓની આઉટસોર્સથી સેવા મેળવવા માટે તા.૦૪/૦૮/૨૦૨૫ થી વધુ ૧૧ માસ માટે મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૦/૦૪/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરી ખાતે આઇ.ટી.સેલ માટે આઉટસોર્સના ધોરણે મંજુર થયેલ ડેવેલોપરની ૦૩ જગ્યાઓ પર GILના પ્રવર્તમાન દરો મુજબ મુદ્દત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી સેવાઓ મેળવવા અંગેની બાબતને આથી મંજુરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના વિભાગના તા.૨૦/૦૪/૨૦૨૨ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૮/૦૮/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

e-sd/-

(કૌશલ લાંઘણોદા)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

2. માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
5. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
8. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...

Signature Not Verified
Signed by: Kaushal C Langhnoda
Section Officer
Date:2025.08.22
01:01 +5:30